મેમાં કાળઝાળ ગરમી સાથે વાવાઝોડાની શક્યતા

ગરમીની વાત કરીએ તો, અત્યારે ખાસ ગરમી પડતી નથી, પરંતુ 20 એપ્રિલથી ગરમી પડવાની શરૂઆત થશે. 26 એપ્રિલ બાદ મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે અને મેમાં તાપમાન 44 ડિગ્રી સુધી જઈ શકે છે.

આ સાથે જ અરબ સાગરમાં હલચલ જોવા મળશે અને એક સિવિયર સાયક્લોન (ભારે વાવાઝોડા)ની શક્યતા રહેશે. જો તેનો માર્ગ ઓમાન તરફ હશે તો ગુજરાતમાં તેની અસર ઓછી રહેશે, પરંતુ બંગાળની ખાડીમાં પણ ભારે ચક્રવાતો થવાની શક્યતા નકારી શકાય નહીં.

નામ બદલેલ છે.

મારા પત્નીનું નામ જીગીશા નિલેશકુમાર વાંકાવાળા થી બદલીને જીગીશા નિલેશ વાંકાવાળા રાખેલ છે, જેની સર્વે નોંધ લેવી.

લિ. નિલેશ ધનસુખલાલ વાંકાવાળા
સરનામું : C-૧૪, પાર્થ બંગ્લોઝ, બેંક ઓફ બરોડાની સામે, વીજયા લક્ષ્મી હોલ પાસે, વેસુ, સુરત - ૩૯૫૦૦૭

મોજે ગામઃ- ભાઠાનાં બ્લોક નં.૧૫૬ વાળી જમીન અંગે મર્હુમ નરસીભાઇ ભાણાભાઇનાં મલ્ટીપલ પેઢીનામાં બનાવી તેમની દીકરી મર્હુમ જીવીબેનનો હિસ્સો પચાવી પાડવાનું ષડયંત્ર.

મોજે ગામઃ- ભાઠા, તાલુકો :- અડાજણ, જિલ્લો :- સુરતનાં બ્લોક નં.૧૫૬ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ ૧-૧૦-૨૮ ચો.મી છે તે જમીનનાં મુળ માલીક નરશીભાઇ ભાણાભાઇ ચાલી આવેલા. તેઓનું અવસાન થતાં તેઓની વારસાઇમાં તેઓની સગી દિકરી જીવીબેનને તેઓનાં પેઢીનામામાં દર્શાવેલ નહિ અને તેવા ખોટા, બોગસ તથા મલ્ટીપલ પેઢીનામા મર્હુમ નરશીભાઇનાં ઉભા કરી તેઓની દિકરી મર્હુમ જીવીબેનનાં વારસદારોને એટલે કે મારા અસીલોને હિસ્સો ન આપવો પડે તેવા બદઇરાદા સાથે સદર જમીનનાં તદ્દન કહેવાતા વેચાણ દસ્તાવેજો ઉભા કરાવડાવી દીધેલાં. જેથી, સદર જમીનમાં હાલનાં ફક્ત સંપુર્ણ ટાઇટલ વગરનાં ૭/૧૨ ઉપરનાં માલિકો રજનીભાઇ દેવરાજભાઇ પટેલ વિગેરે તમામ સહમાલિકો પાસેથી કે હરકોઇ પાસેથી સદર જમીન હરકોઇ ઇસમે ખરીદ કરવી કરાવવી નહિ કે સદર જમીન અંગે હાલ પુરતાં કોઇ પણ લખાણો કરવા-કરાવવા નહિ અને તેમ છતાં જો કોઇ લખાણો સદર જમીન અંગે ઉભા કરવામાં આવશે તો લખાણ કરનાર/કરાવનારને લેન્ડ ગ્રેબીંગ એકટ સહિતનાં પ્રકરણોમાં સંડોવાવું પડશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

નીરવ આર.દૂધવાલા તે
ડાહ્યાભાઇ મોતીરામ, સ્વ. રમણબેન મોતીરામના વારસદારો કમલેશભાઇ છગનભાઇ, મનોજભાઇ છગનભાઇ, નયનાબેન તે છગનભાઇ ધનજીભાઇ ની દીકરી તથા નીરૂબેન મોતીરામનાં એડવોકેટ

ઓફિસ : ૧૦૭-૧૦૮, શુભમ કોમ્પલેક્ષ,આનંદ હોસ્પિટલની ગલીમાં, પોર મહોલ્લો, નાનપુરા, સુરત. મો. ૯૯૨૫૮૨૪૮૪૭

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રિક્ટના શહેર સુરતના ભેસ્તાન વિસ્તારમાં આવેલ, મોજે ભેસ્તાનના રે.સ.નં. ૧૨૮ થી નોંધાયેલી, ગણેશ ઈન્ડસ્ટ્રીઅલ સોસાયટીના નામથી ઓળખાતી જમીનમાં પાડવામાં આવેલાં પ્લોટો પૈકી પ્લોટ નંબર ૮ વાળી તથા ૭/૧૨ ના રેકર્ડ મુજબ સરવે/બ્લોક નંબર ૯૬/૨/પૈકી ૮ વાળી ૧૧૧.૪૮ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન તથા તેમાં કરવામાં આવેલ, બાંધકામ સહિતની જમીન અમલા ઈમારત સહિતની મિલકત તેના માલિકો (૧) અલ્પેશ ઉમેશચંદ્ર જરીવાલા તથા (૨) વિવેક ઉમેશચંદ્ર જરીવાલાએ મારા અસીલને પ્રત્યક્ષ કબજા સહિત તથા તમામ બોજા રહિત વેચાણ આપવા નક્કી કરેલ છે. તથા મજકુર મિલકત અંગેના ટાઇટલને લગતા અસલ દસ્તાવેજો પૈકી અનુક્રમ નંબર ૫૩૩૩ તારીખ ૧૧/૦૪/૧૯૯૭ ના વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ તથા અનુક્રમ નંબર ૭૨૦ તારીખ ૧૮/૦૧/૨૦૧૯ ના વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ ગુમ થયેલ હોવાનું જણાવેલ છે. મજકુર મિલકત પર કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેન્કના કોઈપણ પ્રકારના હક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ક્લેઈમ, લેણું, ચાર્જ, બોજો લીઅન, ઈઝમેન્ટ, સાટાખત કે સમજુતી રૂએના હક વગેરે હોય તો આ નોટીસની પ્રસિદ્ધિથી દિન-૭ માં નીચે સહિ કરનારને તે અંગે લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. મુદત વીત્યે કોઈના કોઈપણ પ્રકારના હક નથી અને હોય તો તે છોડી દીધાં છે તેમ ગણી મારા અસીલ ઉપરોક્ત માલિક પાસે મજકુર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. મુદત બાદની તકરાર ધ્યાને લેવાશે નહિ કે મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ તેની લાગતાં વળગતા સરવેએ નોંધ લેવી.

સુરેશ સાદકવાલા, કશ્યપ એસ. સાદકવાલા
તે ખરીદનારના એડવોકેટસ્
૧૨૪-૧૨૫-૧૨૬, સીગાપુરી વાડી, સલાબતપુરા, સુરત.

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ :અડાજણ, શહેર સુરતના મોજે: રાંદેર-મોરાભાગળ વિસ્તારમાં આવેલ મોજે: રાંદેરના રે.સ.નં.૮૬, ટી.પી.સ્કીમ નં.૩૦ (રાંદેર), ફા.પ્લોટ નં.૧૨૧ વાળી જમીનમાં આયોજીત ''ગ્રીનપાર્ક સોસાયટી'' નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૭૩ વાળી મીલકત કે જેનું ક્ષેત્રફળ સુમારે ૪૮.૯૦ ચો.મી. થાય છે તે પ્લોટ તથા તે ઉપર કુલ્લે ૧૯૪.૯૩ ચો.મી. કારપેટ એરીયા યાને ૨૩૩.૯૧૬ ચો.મી. બિલ્ટઅપ એરીયાના બાંધકામ સહિતની જમીન-અમલા સહિતની બાંધકામવાળી આખે આખી મીલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની મીલકતના માલીક ઇમ્તીયાઝ એહમદ જી. મલેક (ઇમ્તીયાઝ ગુલામ મુસ્તુફા મલેક) નાઓએ સદરહુ મીલકત પોતાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા, વહીવટવાળી હોવાનું જણાવી તથા અગાઉના માલીક હુસેન આદમભાઇ હોટલવાલાનાએ કરાવેલ રજી.વેચાણ દસ્તાવેજ કે જે રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૯૬૭ થી તા.૧૬/૦૪/૧૯૯૨ ના રોજથી રજુ થયેલ, જે નવો અનુક્રમ નં.૧૭૯૮૧/૯૯ તા.૩૧/૦૫/૧૯૯૯ ના રોજથી નોંધાયેલ તે અસલ વેચાણ દસ્તાવેજ, રજીસ્ટ્રેશન ફીની રસીદ (આર.આર.) ગુમ થયેલ હોવાનું જણાવી સદરહુ મીલકત હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદરહુ મીલકત અંગે કોઇનો કોઇપણ જાતનો હક્ક, હિત, સંબંધ, લાગ-ભાગ, દર-દાવો, લીયન, બોજો કે ભરણ-પોષણના હક્કો કે ઇઝમેન્ટના હક્કો કે અન્ય કોઇ હક્કો હોય તો તે અંગેના દસ્તાવેજી પુરાવા સહીત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની મુદ્દતમાં અમોને લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં કોઇપણ વ્યક્તિ, બેંક, સોસાયટી યા નાણાંકીય સંસ્થા વિગેરેએ પોતાના હક્કો કે બોજા અંગે હમોને લેખીતમાં જાણ નહી કરે તો સદરહુ મીલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો કોઇ લાગ, ભાગ, હક્ક, હિત, બોજો નહી હોવાનું અથવા જો હોય તો છોડી દીધા હોવાનું અનુમાન કરી હમારા અસીલ સદરહુ મીલકત અંગેનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મજકુર મીલકત માલીક પાસેથી કરાવી લેશે, ત્યારબાદ, સદરહુ મીલકત અંગેના કોઇપણ પ્રકારના હક્ક, દાવા કે વાંધાઓ કે તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

તા. ૦૩/૦૪/૨૦૨૬

ઓફીસ : ૨૦૨, ઇશ્વરકૃપા કોમ્પલેક્ષ, સેન્ટ્રલ બેંકની સામે, ખુરશેદ બેકરીની પાસે, અથુગર મહોલ્લો, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૨૫૩ ૩૩૩૫૭

સોએબ એસ. શેખ
તે ખરીદનારના એડવોકેટ

-:: ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ બાબત જાહેર નોટીસ ::-

ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ ઉધનાનાં મોજે ગામ : પાલીનાં રેવન્યુ સર્વે નં. ૫૯ + ૬૦/૧, બ્લોક નં. ૫૮ થી નોંધાયેલી બિનખેતીની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો કે જે ''છોટુકાકાની વાડી'' ના નામથી ઓળખાતી વસાહતમાં આવેલ પ્લોટ નં. : ૨૫૬ તથા ૨૫૭ કે જે બંને પ્લોટોનું પ્લોટ દીઠ ક્ષેત્રફળ ૮૩.૬૧ ચો.મી. વાળી મિલકતોના દિલીપકુમાર વિઠ્ઠલભાઈ વઘાસિયાના સ્વતંત્ર સંપૂર્ણ માલિક, કબજેદાર હોવાનું જણાવી, સદરહુ મિલકતોના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું તથા કોઈપણ તકરાર વગરની હોવાનું જણાવી, તેઓ સદરહુ મિલકતો ઉપર અમારા અસીલ બેંક પાસેથી ધિરાણ મેળવવા માંગે છે. આથી અમો કનેથી ટાઈટલ કલીયરન્સ રિપોર્ટની માંગણી કરેલ છે. તેઓના જણાવ્યા મુજબ સદરહુ મિલકતોના માલિકના નીચે જણાવેલ વિગતના અસલ દસ્તાવેજો કયાંક ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ હોય અને તે તમામની ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. આથી સદરહુ મિલકતો બાબતે યા ગુમ થયેલ તમામ અસલ દસ્તાવેજો બાબતે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, તરતકરાર યા ઈઝમેન્ટ રાઈટ્સ હોય તો આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)**માં પોતાનો વાંધો હોય તો પુરાવાઓ સહિત હમોને નીચે જણાવેલ ઠેકાણે લેખિતમાં જાણ કરવી અને જો તેમ કરવામાં કસૂર થશે તો સદરહુ મિલકતોમાં કોઈપણ જાતનું હિત સમાયેલું નથી અને કોઈના કોઈપણ હકકો હોય તો તે જતા (વેવ) કર્યા છે તેવું શુદ્ધબુદ્ધિપૂર્વક માનીને સદરહુ મિલકતો અંગેનો ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ આપી દેવામાં આવશે. અને સદરહુ મિલકતોમાં અમારા અસીલ બેંકના બોજા ઉત્પન્ન સંબંધિત જરૂરી કાર્યવાહી કરશે અને બેંકમાં પ્રથમ ચાર્જ-બોજામાં લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

તા. ૦૩/૦૪/૨૦૨૬

પ્લોટ નં. ૨૫૬ વાળી મિલકતના ગુમ થયેલ અસલ દસ્તાવેજોની વિગત

(૧) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજી. નંબર : ૩૩૧, તા. ૧૮/૦૧/૧૯૮૦ની અસલ રજી. ફી ભર્યાની પાવતી.
(૨) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નવો રજી. નંબર : ૫૯૪, તા. ૧૯/૦૧/૧૯૯૫ (જુનો રજી. નં. ૬૧૦૩, તા. ૩૧/૦૫/૧૯૮૮) ની અસલ રજી. ફી ભર્યાની પાવતી.
(૩) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજી. નંબર : ૫૧૮૦, તા. ૧૯/૦૩/૨૦૦૮ની અસલ રજી. ફી ભર્યાની પાવતી.

પ્લોટ નં. ૨૫૭ વાળી મિલકતના ગુમ થયેલ અસલ દસ્તાવેજોની વિગત

(૧) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજી. નંબર : ૩૧૦, તા. ૧૮/૦૧/૧૯૮૦ની અસલ રજી. ફી ભર્યાની પાવતી.

ભાવિન પી. ગલિયાવાલા એડવોકેટ
ઓફિસ : ૧૧૧, મેઘરત્ન કોમ્પલેક્ષ, બેંક ઓફ બરોડાની પાસે, અથુગર શેરી, નાનપુરા, સુરત-૧. (મો.) ૭૮૭૪૭ ૪૭૯૭૧

-:: ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ અંગેની જાહેર નોટીસ ::-

સુરત ડિસ્ટ્રીક્ટ, તાલુકા ઉધના (સીટી), શહેર સુરતના મોજે ઉધના વિસ્તારમાં આવેલ ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લિ.માં આવેલ પ્લોટ નંબર - બી ઈન્ડ. ૧૨૭, ૧૨૮ તથા ૧૨૯ વાળી જમીન જેને અનુક્રમે કે.જે.પી. બ્લોક નંબર - ૧૪૦ થી ૧૫૦ + ૧૬૬/બી/ઈ/પૈકી ૧૨૭, બ્લોક નંબર - ૧૪૦ થી ૧૫૦ + ૧૬૬/બી/ઈ/પૈકી ૧૨૮ અને બ્લોક નંબર - ૧૪૦ થી ૧૫૦ + ૧૬૬/બી/ઈ/પૈકી ૧૨૯ આપવામાં આવેલ છે તે જમીન પર બાંધવામાં આવેલ કોમર્શિયલ કોમ્પલેક્ષ કે જે **પોડીયમ એફ** ના નામથી ઓળખાય છે તેમાં આવેલ નીચે મુજબની દુકાનોના તેની સામે જણાવેલ માલિકો ધી સુરત પીપલ્સ કો. ઓપ. બેંક લિ. માંથી લોન લેનાર હોય જેથી તેના ટાઈટલ રિપોર્ટની માંગણી અમો પાસે કરવામાં આવેલ છે. પરંતુ નીચે જણાવેલ માલિકોની તરફેણમાં થયેલ વેચાણ દસ્તાવેજોની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદો ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાય છે. જેની વિગતો નીચે મુજબની છે.

અનુ.નં.	દુકાન નંબર તથા ક્ષેત્રફળ	માલિકનું નામ	દસ્તાવેજોની વિગત
૧	દુકાન નંબરઃ એફ-૩૧૧, દુકાન નંબરઃ એફ-૩૧૩ તથા દુકાન નંબરઃ એફ-૩૧૫ કે જે દરેક દુકાનનું વેરાબીલ મુજબ વપરાશનું યાને કારપેટ એરિયાનું ક્ષેત્રફળ ૨૪૦ ચો.ફૂટ યાને ૨૨.૩૦ ચો.મી. યાને બિલ્ટઅપ એરિયાનું ક્ષેત્રફળ ૨૬.૭૬ ચો.મી. છે તે મિલકતના સુપર સ્ટ્રકચરના હકકો સહિતની મિલકત	જયના મનોજભાઈ ગજીવાળા	વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર -૧૯૮૯ તારીખ ૧૫/૦૨/૨૦૧૨ ની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ
૨	દુકાન નંબરઃ એફ-૩૧૭, દુકાન નંબરઃ એફ-૩૧૯,દુકાન નંબરઃ એફ-૩૨૧ કે જે દરેક દુકાનનું વેરાબીલ મુજબ વપરાશનું યાને કારપેટ એરિયાનું ક્ષેત્રફળ ૨૪૦ ચો.ફૂટ યાને ૨૨.૩૦ ચો.મી. યાને બિલ્ટઅપ એરિયાનું ક્ષેત્રફળ ૨૬.૭૬ ચો.મી. છે તે મિલકતના સુપર સ્ટ્રકચરના હકકો સહિતની મિલકત	મનોજ ભૂપેન્દ્ર ગજીવાળા	વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર -૧૯૯૦ તારીખ ૧૫/૦૨/૨૦૧૨ ની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ

જેથી ઉપરોકત અસલ રસીદો જે કોઈના કબજામાં હોય તો તેઓએ તેની ખાત્રી તે અંગેના લેખિત પુરાવા સહિત આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૦૫ (પાંચ)**માં નીચે સહી કરનારને કરાવવી. મુદ્દત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે ખાત્રી કરાવી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહિ હોવાનું અને હોય તો તે છોડી દીધા હોવાનું ગણી સદરહુ મિલકતનો ટાઈટલ રિપોર્ટ આપવામાં આવશે. જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી. તા. ૦૩/૦૪/૨૦૨૬

ચૈતાલી ટી. દોરીવાલા એડવોકેટ
ઓફિસ : જરીવાલા એસોસીએટ, ૨૨૦, ગેટ નં. ૬, મલ્ટીસ્ટોરીયેડ બિલ્ડીંગ, સિંગાપુરી વાડી, રૂસ્તમપુરા, સુરત.(મો.) : ૯૨૨૭૧ ૮૯૮૯૩

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને આ થકી જાણ કરવામાં આવે છે કે, અમારા અસીલ રાકેશ ચંદ્રભાન રેલન કે તે રૂપમ સારીઝના ડીરેકટર, ઠે. પ્લોટ નં. ૫૫, પાંડેસરા, સુરતનાની સૂચના અને ફરમાઇશ અન્વયે જણાવવાનું કે, અમાર અસીલને ત્યાં અમોલ ખુશલ વાનખેડે, અનિલ ચુનીલાલ નિકુંભ, યાદવ શિવ શંકર, સંકેત નરેશ અરોરા કે જેઓ કંપનીના હિત વિરૂધ્ધના કાર્યો કરી રહયા હતાં જે અંગેની જાણ કંપનીને ખબર પડતા કંપનીમાંથી તેઓને છુટા કરવામાં આવેલ. આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ઉપરોકત તમામ ઇસમો સાથે રૂપમ સારીઝના નામે, ના વતી કે ના થકી કંપનીના હિત વિરૂધ્ધ કોઇપણ પ્રકારનો વ્યવહાર, લેવડ-દેવડ, ઓર્ડર કરે નાણાંકીય વ્યવહાર કરેલ હોય તો તે અંગે અમારા અસીલની કંપની રૂપમ સારીઝની તેવા કોઇપણ વ્યવહાર માટે કોઇપણ રીતે જવાબદાર રહેશે નહીં.

આ જાહેર નોટીસની ચેતવણી હોવા છતાં જો કોઇ વ્યકિત અથવા સંસ્થા ઉપરોકત ચેતવણીને અવગણે છે અને કોઇપણ પ્રકારનો વ્યવહાર કરે અને કોઇ નુકસાન થાય છે તો તે માટે તેઓ પોતે સંપુર્ણપણે જવાબદાર રહેશે. આ નોટીસ જાહેર હિતમાં અને કાનુની હકને સુરક્ષિત રાખવા માટે આપવામાં આવેલ છે.

તા. ૦૩/૦૪/૨૦૨૬

ટર્મીશ બી. કણીયા | મીરા ટી. કણીયા
તે રૂપમ સારીઝના એડવોકેટસ
Off: 302, 2nd Floor, SNS House 3, Athwalines Surat

"મોજે વરીયાવ ના બ્લોક નં ૪૮૦ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ" નો જાહેર જવાબ

અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જાણી સમજી ને **એડવોકેટ દિનેશ ડી. લખાણી**ને જણાવવાનુ કે, તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ ની ગુજરાત મિત્ર દૈનિક સમાચાર પત્ર માં ઉપરોકત શીર્ષક થી પ્રસિધ્ધ કરાવેલી જાહેર નોટીસ ભુલ ભરેલી અને કાયદેસરના વારસદારો છુપાવીને પ્રસિધ્ધ કરાવેલ છે. હકીકતે મજકુર જમીનના મૂળ કબજેદાર ભોગટેદાર ગણોતીયા નામે રામાભાઈ કાળાભાઈ અમોના અસીલ ના વડવા ચાલી આવેલા તેઓ તા.૦૫/૦૩/૧૯૭૭ ના રોજ ગુજરી ગયેલા પરીવાર ના મોટા દીકરા તરીકે હકકપત્રકમાં ફકત નારણભાઈ રામભાઈનુ નામ મોજે વરીયાવ ના બ્લોક નં ૪૮૦, બ્લોક નં ૪૮૨ તથા બ્લોક નં ૪૯૯ વાળી ગણોતધારા કલમ ૪૩ પ્રસપ્ર નવી શરતની જમીનો માં નામ દાખલ કરવામાં આવેલ. તા.૧૫/૦૩/૧૯૯૬ ના ગુજરાત સરકાર ના મહેસુલ વિભાગના પરીપત્ર **ક્રમાંક "હકપ-૧૦૯૫-૨૭૦૪-જ" ના પ્રબંધો મુજબ "માત્ર મોટા ભાઈ ના નામે ચાલતી વારસામાં મળેલ/વડીલો પાર્જીત નવી અને અવિભાજય શરતની જમીનમાં નામ દાખલ કરવા બાબત"** ની સ્પષ્ટ જોગવાઈઓ લખેલ છે. તે મુજબ સદર જમીનમાં મારા અસીલોનો કાયદેસરનો હકક સમાયેલો છે. બદઈરાદા થકી અમોના અસીલ ની વારસાગત માલીકી ની જમીન ખોટી વારસાઈ કરાવીને પડાવી લેવાના ભાગરૂપે જાહેર જનતાને ગુમરાહ કરતી નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. હમોના અસીલના સદરહુ જમીનોમાં રહેલા કાયદેસરના વારસાઈ હકકો છુપાવીને કે દુબાડીને કોઈપણ પ્રકાર ના વ્યવહાર કરશો કરાવશો તો તકરાર તેમજ મલ્ટીપલ લીટીગેશન સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહી, અને ખોટી વારસાઈ કરાવવી કે સાચા વારસદાર છુપાવવાના તમારા બદઈરાદા ની ગંભીર કાયદાકીય ભુલના પરીણામો ભોગવવા પડશે, જેની ગંભીરતા થી નોંધ લેશોજી. તા. ૩/૦૪/૨૦૨૬

ઓફિસ : ૧૦૭-૧૦૮, શુભમ કોમ્પલેક્ષ, આનંદ હોસ્પિટલની ગલીમાં, પોર મહોલ્લો, નાનપુરા, સુરત. મો. ૯૯૨૫૮૨૪૮૪૭

નીરવ આર. દૂધવાલા
તે કમુબેન તે દલપતભાઈ રામભાઈ ના વિધવા વિગેરેના એડવોકેટ

-// જાહેર નોટિસ //-

જત જાહેર જનતાને જણાવવાનું કે, નવસારી ડિસ્ટ્રિક્ટ, જલાલપોર સબ ડિસ્ટ્રિક્ટ, તાલુકો : જલાલપોરના મોજે ગામ : રાણોદ્રામાં આવેલ બ્લોક નંબર : ૯૮ કે જે જરાયત જમીન જેનું ક્ષેત્રફળ સુમારે હે.આરે.ચો.મી. ૩-૮૪-૪૫ તથા પોતખરાબો હે.આરે.ચો.મી. ૦-૦૨-૦૨ મળી કુલ્લે ક્ષેત્રફળ સુમારે હે.આરે.ચો.મી. ૩-૮૬-૪૭ કે જેનો આકાર રૂપિયા ૩૫.૮૧ પૈસા છે તે જુની શરતની ખેતીની જમીન પૈકી હે.આરે.ચો.મી. ૦-૪૮-૦૦ વણ-વહેંચાયેલ હિસ્સાવાળી જમીન તથા તેમાં રહેલ ઝાડ-બીડ સહિતની જમીન કુલ્લે દરોબસ્ત વાળી જમીનનો સારા ઈસ્માઈલ બદાતની પુત્રી તે હમીદ કારાની પત્નીએ મારા મજકુર અસીલ રાજેશકુમાર બાલુભાઈ પટેલને જનરલ પાવર ઓફ એર્ટોની આપેલો અને તે જનરલ પાવર ઓફ એર્ટોનીના આધારે મારા મજકુર અસીલે સારા ઈસ્માઈલ બદાતની પુત્રી તે હમીદ કારાની પત્નીની સંમતિથી પાવરદાર તરીકે સદર જમીન ઈમ્તિયાઝ ઈસ્માઈલ પટેલને રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજના આધારે વેચાણ આપેલી. જે અંગેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મહેરબાન જલાલપોરના સબ રજિસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નંબર : ૬૦૬૫ થી તારીખ : ૦૩/૧૨/૨૦૧૫ ના રોજ તેમાં જણાવેલ વિગતે નોંધાયેલ છે અને સદર જમીનના વેચાણ પેટે મારા મજકુર અસીલને રૂપિયા આપવાનું નકકી કરેલું જેથી તેઓએ મારા મજકુર અસીલને સદર અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા રૂપિયા અંગેનું લખાણ પણ આપવામાં આવેલું જે અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા રૂપિયા અંગેનું લખાણ મારા મજકુર અસીલ પાસે છે અને તે રીતે નકકી થયા મુજબના મારા મજકુર અસીલના રૂપિયા લેવાના બાકી હોવા છતાં સદર જમીન અન્ય ઈસમોને વેચાણ કરવા માંગતા હોવાનું મારા મજકુર અસીલને હાલમાં જાણવા મળેલ છે. સદર જમીનના વેચાણ પેટે મારા મજકુર અસીલના રૂપિયા લેવાના બાકી હોય અને તે અંગેનું લખાણ મારા મજકુર અસીલ પાસે હોય જેથી સદર જમીન કોઈપણ વ્યકિતએ ખરીદ કરવી નહીં અને તે વેચાણ પેટેના રૂપિયા માટે મારા મજકુર અસીલ તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરનાર છે જેથી મારા મજકુર અસીલના તેવા હકકોને બાધ આવે નહીં તે રીતે વિધાઉટ પ્રેજયુડીસ જણાવવાનું કે જો કોઈ વ્યકિત સદર જમીન મારા મજકુર અસીલની સંમતિ વિના કોઈપણ જાતના લખાણ કરશે કે વ્યવહાર કરશે કે ખરીદ કરશે તો તે મારા મજકુર અસીલને બંધનકર્તા રહેશે નહીં અને તેવા કોઈપણ પ્રકારના વ્યવહાર કરનારને દિવાની તથા ફોજદારી પ્રકરણોમાં સંડોવવું પડશે અને તેઓને તર તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહીં તેની સ્પષ્ટ નોંધ લેવી. જેથી કોઈ વ્યકિત ખોટી કાર્યવાહીમાં ફસાઈ નહીં તેવા શુભ હેતુથી જાહેર જનતાના હિતમાં આ ચેતવણી પ્રસિધ્ધ કરેલ છે.

મારી સૂચના અને ફરમાઈશ અન્વયથી સદર નોટીસ પ્રસિધ્ધ કરેલ છે.

ઓફિસ : ૧૧૦, લક્ષ્મી આર્કેડ, મુળદ-કીમ, તા.: ઓલપાડ, જી.: સુરત. મો.નં.: ૮૨૦૦૩-૩૮૩૮૦

શૈલેષ આર. ચૌહાણ
તે રાજેશકુમાર બાલુભાઈ પટેલના એડવોકેટ

વોર્ડ : ડુમસના સીટી સર્વે નં. ૭૪૮ તથા ૭૪૯ વાળી જમીનની વેચાણની જાહેર નોટીસનો જાહેર જવાબ

સુરત ડી. સીટી સર્વે ઓફીસ, સુરત-૪, વોર્ડ : ડુમસ, સીટી સર્વે નં : ૭૪૮ તથા ૭૪૯ વાળી જમીનો અંગે એડવોકેટશ્રી ભદ્રેશ આઈ. પટેલે તેઓના બેનામી અસીલ તર્ફે ગુજરાતમિત્ર દૈનિક પેપરમાં તા.૩૧/૦૩/૨૦૨૬ ના રોજ આપેલ વેચાણ અંગેની જાહેર નોટીસ ખોટી, ગળેપડુ તેમ જ જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી છે. જે હમારા અસીલોને કબુલ, મંજુર અને બંધનકર્તા નથી. સદર જમીન અમારા અસીલો પ્રેમિલાબેન અમરતભાઈ બર્મન તથા પીન્કીબેન ચૈતન્યકુમાર બર્મનનાઓએ છીમકાભાઈ બુધાભાઈ આહીરે પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. : ૪૦૯૦, તારીખ : ૦૪/૦૬/૨૦૦૯ના રોજથી વેચાણ રાખેલ છે અને ત્યારથી સદરહુ જમીનો તમામની જાણમાં અમારા અસીલોની માલિકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ છે. સદર જમીનોના પ્રવિણભાઈ છીમકાભાઈ આહીર વિગેરે માલિક જ ન હોય જેથી સદરહુ જમીનો તેમને વેચાણ કરવાનો કોઈ હકક ન હોય જેથી સદરહુ જમીનો અંગે છીમકાભાઈ બુધાભાઈ આહીરના વારસદારો પ્રવિણભાઈ છીમકાભાઈ આહીર વિગેરે સાથે કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ જાતના વહીવટો કે વ્યવહારો કરવા નહી અને તેમ છતાં વેચાણ, બક્ષીસ, ગીરો જેવાં વહીવટો કરવા/કરાવવામાં આવશે તો તે અમારા અસીલોને બંધનકર્તા રહેશે નહી તેમજ ખરીદનારને કોઈ પણ જાતના કાયદેસરના હકકો પ્રાપ્ત થશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઠે. :- ૧૧૧, સેઈન્ટપાર્ક, ગુજરાત ગેસ સર્કલની સામે, અડાજણ, સુરત.
તા.૦૩/૦૪/૨૦૨૬
મો.નં.૯૮૨૫૧-૧૬૬૦૨.

-:: અમારી મારફત ::-
ગેમલસિંહ એમ. ઠાકોર
રીશીરાજ ગેમલસિંહ ઠાકોર
એડવોકેટસ

જાહેર નોટીસ

જત આથી તમામને જણાવવાનું કે, નીચે જણાવેલા વર્ણન અને વિગત વાળી જમીન **(૧) પાર્થ જગદીશભાઈ પટેલ (૨) સાવન રમણીકભાઈ કથીરિયા (૩) કિશોરભાઈ ગોવિંદભાઈ ખેની (૪) મહેશકુમાર ધીરૂભાઈ કોરાટ અને (૫) ઝલક ગોપાલભાઈ પોકિયાની** સંયુક્ત માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલી છે. સદરહુ જમીન અમારા અસીલે વેચાણથી લેવાનું નકકી કર્યુ છે જેથી સદરહુ મિલકત અંગે કોઈને પણ કોઈપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત, ચાર્જ બોજા કે લીયન કે દરદાવા વિગેરેના હકકો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમારી ઓફીસના નીચે જણાવ્યા મુજબના સરનામે લેખિતમાં પુરાવા સહીત આવી નોંધાવી જવા. જો મુદત વીત્યે કોઈના કોઈપણ જાતના વાંધાઓ આવશે તો તેવા વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી અને અમારા અસીલ સદરહુ મિલ્કતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની આથી તમામે નોંધ લેવી.

જમીનની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ, તાલુકો કતારગામના મોજે ગામ વરીયાવના સર્વે નં.૧૫૦ પૈકી, બ્લોક નં.૧૩૧-પૈકી-૨ વાળી જમીન કે જેનો ખાતા નં.૩૩૭૮ છે તથા આકાર રૂા.૮.૪૪ પૈસા છે તથા જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૫૨-૩૩ યાને ૫૨૩૩ ચો.મી. છે જેનો ટી.પી. સ્કીમ નં.૮૮(વરીયાવ) અને એફ. પી. નં.૫૫ છે જેનું એફ.પી. મુજબનુ ક્ષેત્રફળ ૨૬૧૭ ચો.મી. છે તે જમીન તેના લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની દરોબસ્ત.

સરનામુ :૧૦૨, લીલા એપાર્ટમેન્ટ, દરજીશેરી, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ મો. નં.૯૮૨૫૬-૫૯૦૭૭

મનોજ ટી. પટેલ
એડવોકેટ
ખરીદનાર તથા વેચનારની સુચનાથી

જમીનના સાચા માલિકનું નામ ગુમ કરનાર કોણ છે?..
સુરત, મોજેઃ ઉન,બ્લોક નં. ૧૫૯/૧ તથા ૧૫૯/૨, ટી.પી.નં. ૫૯, ફાયનલ પ્લોટ નં. ૧૪૩/અ તથા ૧૪૩/બ માં આયોજીત "જીન્નત રેસીડેન્સી" તથા "મુસ્કાન રેસીડેન્સી" વાળી જમીનો સંદર્ભે ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત, **તા. ઉધના, મોજે ગામ- ઉન, સર્વે નં. ૧૧૩, બ્લોક નં.૧૫૯/૧ તથા ૧૫૯/૨** જેનું કુલ્લે ૧૩૫૮૨ ચો.મી. છે જેને **ટી.પી.સ્કીમ નં. ૫૯ લાગુ પડતાં ફાયનલ પ્લોટ નંબર ૧૪૩/અ તથા ૧૪૩/બ ફાળવવામાં આવેલ છે.** તે જમીનના મુળ માલિક સને ૧૯૫૦ અગાઉથી **પ્યારીબીબીના નામે** ચાલી આવેલ. **પ્યારીબીબી તે ફૈઝુમીયાં ચાંદમીંયાની વિધવા તેમની હયાતિ દરમ્યાન પોંસરા મુકામે રહેતા આવેલા અને તા. ૦૪/૦૧/૧૯૬૯ ના રોજ પોંસરા મુકામે અવસાન થયેલ. મર્હુમ પ્યારીબીબી તે ફૈઝુમીયાં ચાંદમીંયાની વિધવાની એકમાત્ર પુત્રી સંતાન ફાતમાબીબી ફૈઝુમીયાં ચાંદમીંયા શેખ તે ગુલામમોહમ્મદ શેખની પત્ની રહેલા. અને ફાતમાબીબી ફૈઝુમીયાં ચાંદમીંયા શેખ તે ગુલામમોહમ્મદ શેખની પત્નીનું તા. ૧૫/૧૨/૧૯૪૧ ના રોજ અવસાન થતાં મર્હુમના વારસદાર તરીકે મોહમદ આસીફ અબ્દુલ લતીફ શેખ, ગુલામ હૈદર ગુલામરસુલ શેખ તથા મોહમદ જાવેદ અબ્દુલઅઝીઝ શેખ વિગેરેનાઓ રહેલા છે.**

મર્હુમ પતિ ફૈઝુમીયાં ચાંદમીંયાની સહમાલીકીની મોજે પોંસરા, તા. નવસારીની મુસલમાન વાડમાં આવેલી ઘરગાળાની ખુલ્લી જમીન "પોંસરા મસ્જીદ વકફ" ને પ્યારીબીબી તે ફૈઝુમીયાં ચાંદમીંયાની વિધવાએ તા. ૩/૧/૧૯૫૮ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૪૩/૧૯૫૮ થી વેચાણ આપેલી. જે હકીકત સરકારી રેકર્ડ રહેલી છે.

તેમ છતાં, ગુલામનબી અજમલખાં પઠાણ, મેહમુદખાન અજમલખાં પઠાણ વિગેરેએ ગુનાહિત બદઈરાદે એકમેકના મેળાપીપણામાં ખોટા, ફોર્જડ અને ફેબ્રીકેટેડ પુરાવાઓ ઉભા કરી, તા. ૫/૧/૧૯૫૦ ના રોજ હકકપત્રકમાં નોંધ નં.૧૩૨ માં જણાવ્યા મુજબ, **પ્યારીબીબી સને ૧૯૫૦ માં અવસાન પામેલા હોવાનું જણાવી, સગીર ઈશામ કાલુમીંયા (ઉ.આ.વ. ૧૪) ના વાલી તરીકે બાપ કાલુમીંયા રસુલમીંયાનું પણ મરણ થવાથી ફકત ઈશામ કાલુમીંયા ના નામે નોંધ કરાવેલ.**

ત્યારબાદ ઈશામ કાલુમીંયાએ મોજે ઉન ની નોંધ નં. ૧૩૨ નો તદ્દન ખોટો ગેરલાભ મેળવી સદરહુ જમીન માલીક, કબજેદાર તરીકે તદ્દન ખોટી રીતે ગેરકાયદેસરના વ્યવહારો કરેલ છે જે મુળથી જ ખોટા અને ગેરકાયદેસરના રહેલા છે. સદરહુ બ્લોક નં. ૧૫૯ જમીન પૈકી સ.નં.૧૫૯/૨, ટી.પી. નં. ૫૯, ફા.પ્લોટ નં.૧૪૩/બ પૈકીની જમીન સંપાદનમાં જતાં તેનું વળતર પણ બદઈરાદાપુર્વક મેળવી લીધેલ હોવાનું જણાય છે.

આમ, ઉપરોક્ત સ્પષ્ટ હકીકત જોતાં,

* **પ્યારીબીબી તે ફૈઝુમીયાં ચાંદમીંયાની વિધવાના વારસદાર તરીકે એકમાત્ર પુત્રી સંતાન ફાતમાબીબી ફૈઝુમીયાં ચાંદમીંયા શેખ તે ગુલામમોહમ્મદ શેખની પત્ની રહેલા હતા.** તે સિવાય અન્ય કોઈ પુત્ર સંતાન ન હતા કે કોઈપણ પુત્ર સંતાનને દત્તક લીધેલ ન હતો કે પ્યારીબીબીએ ફૈઝુમીયાં ચાંદમીંયા શેખ ના અવસાન બાદ હયાતિમાં બીજા નિકાહ પણ કરેલ ન હતા.
* **ઈશામ મીયાં તે કાલુમીંયા તથા રૂકૈયાબીબીના સંતાન હતા. આમ, હરકોઈ સંજોગોમાં, પ્યારીબીબી તે કાલુમીંયા રસુલમીંયાના ધણીયાણી ન હતા કે ઈસામ મીયાં કાલુમીંયાના વાલી વારસ ન હતા.**
* **કાલુમીંયા રસુલમીંયા જેને નોંધ નં.૧૩૨ માં ખોટી રીતે સને ૧૯૫૦ માં મરણ બતાવેલ છે તે કાલુમીંયા રસુલમીંયાએ મોજે વાડા ની નોંધ નં. ૩૬૫ તા. ૧૫/૯/૧૯૬૨ માં ગુલામ રસુલ સાથે સંયુકતમાં જમીનો તારણમાં મુકી તગાવી લોન લીધેલ છે. આમ, સ્પષ્ટ હકીકતે કાલુમીંયા રસુલમીંયા સને ૧૯૬૨ માં હયાત રહેલા અને કાલુમીંયા રસુલમીંયા ખરેખર તા.૨૮/૩/૧૯૬૫ ના રોજ પોંસરા મુકામે અવસાન પામેલ.**
* ઈશામ કાલુમીંયા (ઉ.આ.વ.૧૪) જેને મોજે ઉન માં સને ૧૯૫૦ માં સગીર બતાવેલ છે. પરંતુ, તે જ ઈશામ કાલુમીંયાની તા.૩/૧/૧૯૫૦ ની નોંધ નં.૮૮ જોતાં, મોજે ભાટીયામાં બ્લોક નં.૩૧૭/૧-૨-૩ વાળી જમીન, નામદાર સરકારશ્રીમાંથી કાયદેસર રીતે ખરીદ કરેલ જેમાં ઈશામ કાલુમીંયાની ઉંમર ૩૩ વર્ષ જણાવેલ છે. તેમજ ઈશામ મીંયા કાલુ મીંયા નું સુગરાબીબી સાથેના તા. ૯/૧/૧૯૩૭ ના રોજના જમાલપોર સુન્ની મુસલમાન જમાતનું નિકાહનામામાં ઉંમર ૧૯ વર્ષ દર્શાવેલ છે. આમ સને ૧૯૫૦ માં ઈશામ કાલુમીંયાની ઉંમર ૩૩ વર્ષની જ રહેલી. આમ, મોજે ઉન ના સર્વે નં. ૧૧૩/૧ વાળી જમીનમાં તદ્દન ખોટી રીતે ઈશામ કાલુમીંયાને સગીર તરીકે દર્શાવી નોંધ પાડવામાં આવેલ છે જે સ્પષ્ટ રીતે ખોટી જણાય આવે છે.
* ઈશામ મીંયા કાલુમીંયાનું નામ ખોટી રીતે દાખલ કરાવી તેઓએ માલીક, મુખત્યાર તરીકે અન્યો સાથેના ગુનાહિત મેળાપીપણામાં લેન્ડ ગ્રેબીંગ સહિતના વધુ ગેરકાયદેસરના કૃત્યો આચરેલ છે અને સદરહુ મોજે ઉન માં હાલમાં જીન્નત રેસીડેન્સી તથા મુસ્કાન રેસીડેન્સી નામની સોસાયટીનું આયોજન કરેલ છે.

સદરહુ જમીનમાં મર્હુમ પ્યારીબીબી તે ફૈઝુમીયાં ચાંદમીંયાની વિધવાની એકમાત્ર પુત્રી સંતાન ફાતમાબીબી ફૈઝુમીયાં ચાંદમીંયા શેખ તે ગુલામમોહમ્મદ શેખની પત્નીના વારસદાર તરીકે મોહમદ આસીફ અબ્દુલ લતીફ શેખ, ગુલામ હૈદર ગુલામરસુલ શેખ તથા મોહમદ જાવેદ અબ્દુલઅઝીઝ શેખ વિગેરેનાઓના ચાલી આવેલા કાયદેસરના માલીકી હકકો અંગે કાયદેસરની કાર્યવાહી ચાલુ છે અને **મહેસુલ પંચ (વિવાદ), અમદાવાદ મુકામે પેન્ડીંગ છે.**

* **ગુનાહિત કૃત્યો આચરનાર ગુલામનબી અજમલખાં પઠાણ, મેહમુદખાન અજમલખાં પઠાણ વિગેરેએ સુરત જીલ્લાની મોજે ઉન, મોજે ગભેણી ની જમીનો અંગે પણ તદ્દન ગેરકાયદેસરના ખોટા આચરી કુટુંબીજનોના નામો દાખલ -કમી કરાવેલ હોવાના રેકર્ડ આધારીત પુરાવાઓ છે.**
* મોજે ઉન ગામમાં નોંધ નંબર ૪૪ જોતાં, બીસ્મીલ્લાખાં વજીરખાં તા. ૫/૧/૧૯૫૦ ના રોજ હયાત બતાવીને સર્વે નં. ૧ થી ૭ માં નામ દાખલ કરાવેલ છે. ત્યારબાદ મોજે ગભેણીની નોંધ નં. ૪૧૯ જોતાં સ્પષ્ટ જણાવેલ છે કે બીસ્મીલ્લાખાં વજીરખાં તા. ૧૯/૧૦/૧૯૪૭ ના રોજ ગુજરી જવાથી મર્હુમના વારસદાર અજમલખાં તેમજ યાસીનખાં ના નામો દાખલ કરવામાં આવેલ. તો પછી કયા સંજોગોમાં, સને ૧૯૫૦ માં મોજે ઉનના નોંધ નંબર ૪૪ માં બીસ્મીલ્લાખાં વજીરખાં હયાત બતાવી નામ દાખલ કરાવેલ છે ? **વધુમાં, મોજે ઉન, નોંધ નં. ૧૪૦ જોતાં બીસ્મીલ્લાખાંના સગા ભાઈ કાલેખાં વજીરખાં એ પિતાશ્રી વજીરખાંને તા. ૬/૧/૧૯૫૦ ના રોજ આશરે ૬૦ વર્ષ અગાઉ ગુજરી જવાથી સર્વે નં.૨૪૧/૧, ૨૪૧/૨ વાળી જમીનો કોઈપણ પુરાવા વગર ફોર્જડ, ફેબ્રીકેટેડ નોંધો પડાવી નામદાર સરકારશ્રી સાથે છેતરપિંડી કરી ખેડુત ખાતેદાર તરીકે રહેલા હોવાનું જણાવેલ છે.** ત્યારબાદ, મોજે ઉન, ખાતા નં ૩ માં નોંધ નં ૧૪૦૧ જોતાં અજમલખાં બીસ્મીલ્લાખાં બિનખેડુત જાહેર થયેલા છે.
* **મોજે ગામ - ઉન, સર્વે નં.૧૧૩, બ્લોક નં.૧૫૯/૧ તથા ૧૫૯/૨** જેનું કુલ્લે ૧૩૫૮૨ ચો.મી. છે જેને **ટી.પી.સ્કીમ નં.૫૯ લાગુ પડતાં ફાયનલ પ્લોટ નં.૧૪૩/અ તથા ૧૪૩/બ વાળી જમીનમાં મર્હુમ પ્યારીબીબી તે ફૈઝુમીયાં ચાંદમીંયાની વિધવાના કાયદેસરના વારસદાર તરીકે હકક, અધિકાર ચાલી આવેલ છે. જેથી જમીનમાં ચાલી આવતા અમારા હકકોને નુકશાન પહોંચાડનાર - તેમાં મદદગારી કરનાર તથા રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે નોંધો પડાવનાર તમામ ઈસમો વિરૂધ્ધ કાનૂની રાહે કાર્યવાહી ચાલુ છે.**
* **સુરત, મોજેઃ ઉન,બ્લોક નં.૧૫૯/૧ તથા ૧૫૯/૨, ટી.પી.નં. ૫૯, ફાયનલ પ્લોટ નં. ૧૪૩/અ તથા ૧૪૩/બ માં આયોજીત જીન્નત રેસીડેન્સી તથા મુસ્કાન રેસીડેન્સી વાળી જમીનોમાં મંજુર પ્લાન વિના ગેરકાયદેસરના બાંધકામો અંગે યોગ્ય સક્ષમ સત્તાધિશો સમક્ષ દાદ-ફરિયાદ પણ કરેલ છે. જે સંજોગોમાં, સદર યોજનામાં અજાણતા બુકીંગ કરાવી ફસાઈ ન જાય તે હેતુસર પણ આ જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.**

આ ચેતવણી જાણતા અજાણતા કોઈ ઈસમને કાનૂની કાર્યવાહીમાં પક્ષકાર બનવું ન પડે તેવા શુભ આશય માત્રથી રેવન્યુ રેકર્ડને આધીન તથા સાહેદોની એફીડેવીટો, હમારી જાણકારી મુજબ પ્રસિધ્ધ કરાવવામાં આવેલ છે.

હમારી સૂચના અને સંમતિ અને સહીથી-
મર્હુમ પ્યારીબીબી તે ફૈઝુમીયાં ચાંદમીંયાની વિધવાના એકમાત્ર પુત્રી સંતાન ફાતમાબીબી ફૈઝુમીયાં ચાંદમીંયા શેખ તે ગુલામમોહમ્મદ શેખની પત્નીના તમામ વારસદારો વતી અને તરફે વારસદાર **મોહમદ આસીફ અબ્દુલ લતીફ શેખ તથા** તમામ વતી અને તરફેના કર્તાહર્તા **જે.વી.પટેલ** (મો.નં.૭૭૧૦૧૩૫૩૫૫)

મારી મારફત :
નીલકંઠ વાય. બારોટ (એડવોકેટ)
૩૦૩, ।।સત્યમ્।। રિધ્ધી શોપર્સ, સ્ટાર બજાર સામે, અડાજણ-પાલ રોડ, સુરત. મો.નં. ૯૮૨૫૧૩૧૫૨૩